૦૫/૦૬/૨૦૨૦

# <u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ દ્વારા "**વિશ્વ પર્યાવરણ દિવસ**" ની ઉજવણી તારીખ ૦૫.૦૬.૨૦૨૦ ના રોજ ***<u>web કૃષિ ગોષ્ઠી</u>*** કરવામાં આવેલ. આ કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટી ગીત વગાડીને કરવામાં આવી હતી ત્યારબાદ કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. એ. સી. વૈદ્યએ પર્યાવરણની જાળવણી અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ શ્રીમતી પાયલબેન ભાભોર, પ્રતિનિધ્ધી, જીલ્લા ખેતીવાડી અધિકારી, દાહોદ દ્વારા ખેડૂતોને જમીનની જાળવણી કરી પર્યાવરણ બચાવવા અંગે સમજ આપી તેમજ શ્રી એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત)એ શેઢાપાળા પર ફલપાલોનું વાવેતર કરી અને પર્યાવરણની જાળવણી કરવા ખેડૂતોને અપીલ કરી હતી. ત્યારબાદ શ્રી. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ રસાયણ યુક્ત ખેતી છોડી અને સજીવ ખેતી તરફ વળે તે અંગે સમજ આપી હતી. અંતે આભાર વિધિ કરી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવેલ હતો.

આ web કૃષિ ગોષ્ઠીનું સફળ સંચાલન શ્રી જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં ૨૯ ખેડૂતભાઈઓ તેમજ ૧૭ ગ્રામ સેવકો મળી કુલ ૪૬ જેટલા લોકોએ આ web કૃષિ ગોષ્ઠીમાં ભાગ લીધેલ હતો.






०५/०६/२०२०




